

सुतरिया—[illegible]क

ખાસ રચી—પ્રગટ કરનાર

વિ. ઍન્. સુતરિયા.

मुद्रालेख:

"दृढनिश्चय, प्रयत्न अने आत्मश्रद्धा."

Published by

V. M. Sutariya

BOMBAY & PARIS.

સુરત:

ખપાટીઆ ચકલા ઉપર આવેલા

ધી "સુરત જૈન" પ્રિન્ટીંગ પ્રેસમાં મટુભાઈ બહાદાસે છાપી.

પરમાત્મસત્તા અમારૂં, તમારૂં તથા પ્રાણી માત્રનું કલ્યાણ કરો.

અરસપરસ સરતો.

પારીસ ખાતે અમો ઉપર બારોબાર મોતી (કે જવેરાત) નો માલ મોકલી આપી કામકાજ કરવાની ઇચ્છા રાખનાર જે સદ્‌ગૃહસ્થને આ "કોડ-બુક" માન સહીત આપવામાં આવી છે તે સદ્‌ગૃહસ્થ અમો સાથે કામકાજના સંબંધમાં નીચલી સરતોએ બંધાય છે અને અમો તેવણુની સાથે બંધાઇએ છીએ, એમ સમજી લેવું:—

૧.—પારસલ (કે પારસલો) અમોને મળે અને તેમાંનો માલ તપાસી લઈ પહોંચ લખી જણાવીએ, ત્યાર પછીથી જ અમો તે માલના જવાબદાર છીએ. (તે અગાઉ નહીં જ.)

૨.—માલની માગણીઓ પૌંડમાં **સાફી** કરવામાં આવશે.

૩.—ટ્રાન્સફર આપવામાં આવેલા કે પાછા મોકલવામાં આવેલા માલ ઉપર વિમાનો, તારનો, ટપાલ વિગેરેનો થયલો તમામ ખરચ માલ-ધણી પાસેથી મજરે લેવામાં આવશે.

૪.—વેચાણુ થયલા માલ ઉપરનો પારીસ ખાતે થયલો કાંઇપણુ ખરચ માલ-ધણી પાસેથી વસુલ લેવામાં આવશે નહીં. (એડવાન્સ કરવામાં આવેલી રકમ તથા તેનું વ્યાજ મજરે લેવામાં આવશે.)

૫.—તારખાતાની કોઇપણુ ભૂલ માટે અમો જવાબદાર નથી.

૬.—માગણી કબુલ કરવામાં આવ્યા પછીથી માલમ પડે કે, હીસાબ ગણુવામાં અમારી ભૂલ થઈ છે, તો તે માગણી અમો રદ કરી શકીશું.

૭.—મોતીના પારસલમાં દાણા તથા વજન ઇનવોઇસ મુજબ બરાબર હોવાં જોઇએ, પણ જો કાંઈ ઓછું થશે તો હિસાબે ઓછાં નાણાં મોકલવામાં આવશે.

૮.—માલ ટ્રાન્સફર **આપવામાં** આવશે, પણ ટ્રાન્સફર **લેવામાં** આવશે નહીં.

૯.—માલ પાછો મોકલી આપતી વખતે છેલ્લી લીમીટ જેટલી રકમનો વીમો ઉતરાવવામાં આવશે. (ઓછી રકમનો વીમો ઉતરાવવો હોય તો અગાઉથી જણાવશો.)

૧૦.—એકવાર આપેલી લીમીટ **ઓછામાં ઓછા ૫ દિવસ પહેલાં** વધારી શકાશે નહીં.

૧૧.—માલનું ઇનવોઇસ **કાગળમાં** મુકવા ઉપરાંત **પારસલમાં** પણ મુકવાનો રીવાજ રાખશો.

૧૨.—તારોના જવાબો બનતા સુધી **તરતજ** આપવાનો રીવાજ રાખશો.

૧૩.—વધતામાં વધતા **આખા બે દિવસ સુધી** અમારા તારોના જવાબોની રાહ જોવામાં આવશે. ત્યારપછી અમો કોઈપણ રીતે બંધાતા નથી.

૧૪.—પારીસથી કોઇએક પારસલની કરવામાં આવેલી માગણીની રકમ મુંબઈથી તારમાં **તેની તેજ** ફરીને જણાવવામાં આવશે તો તે પારસલ તેટલી રકમે વેચવાને અમોને અખત્યાર કે રજા છે, એમ સમજી લેવામાં આવશે.

મુમ્બાપુરી,
ગુરૂવાર, ધન-ત્રયોદશી, ૧૯૬૮
તા. ૭ નવેમ્બર ૧૯૧૨.

વિઠ્ઠલદાસ નગીનદાસ સુતરિયા
i. e. (**V. N. SUTARIYA**)

પારીસમાં રજીસ્ટર થયલું તારનું સરનામું:—

J O G I R A J - P A R I S

(જે તાર લખતી વખતે શુદ્ધ અક્ષરોમાં લખવું.)

આ "કોડ" ની રચના.

૧. ઉચ્ચાર થઈ શકે એવા ધોરણ ઉપર આ "કોડ" ખાસ બનાવવામાં આવ્યો છે.

૨. આ "કોડ" ના ત્રણ મુખ્ય ભાગો પાડવામાં આવ્યા છે:—

૧ લો ભાગ—પારીસથી તારો કરવામાં જ વપરાતા બોલો માટે,

૨ જો ભાગ—પારીસ અને મુંબઈ—બંને સ્થળેથી વાપરી શકાય તેવા બોલો માટે, અને

૩ જો ભાગ—મુંબઈથી તારો કરવામાં જ વપરાતા બોલો માટે.

૩. આ દરેક ભાગમાં બની શકે તેટલી સાવચેતીથી જુદી જુદી બાબતોના વિભાગો પાડવામાં આવ્યા છે, છતાં માગણી–લીમીટ, લીમીટ–વેચાણ, વેચાણ–પાછો મોકલો, વિગેરે, વિગેરે બાબતોનું મિશ્રણ ન છૂટકે થઇ ગયું છે, માટે તે ધ્યાનમાં રાખવું, કે જેથી તારનો ખરચ વધુ થાય નહીં.

૪. બેંકોના નામો મુંબઈથી વાપરવાની જરૂર પડે તો પહેલા ભાગમાંથી તે નામોના શબ્દો વાપરવા.

૫. વાતચીતોના બોલોની સાથે દાણા, કેરટ, પૌંડ વિગેરેની સંખ્યા જણાવવી હોય તો પૌંડના કોઠામાંથી તે સંખ્યાનો શબ્દ વાપરવો.

૬. જરૂર પડે તો (પાંચમી આવૃત્તિવાળી) A. B. C. કોડ બુકનો ઉપયોગ કરવો. પારીસથી અથવા મુંબઇથી આવેલા તારમાં આ કોડ બુકમાંથી શબ્દ (કે શબ્દો) નહીં જડે તો A. B. C. કોડમાં જોવું.

૭. આવેલા તારમાંનો **અમુક** શબ્દ કેટલામો શબ્દ છે તે જાણવા માટે પાંચ પાંચ અક્ષરોનો એક એક શબ્દ ગણવો.

તારો સંબંધી વિવેચન.

(અ)—મુંબઇથી તારો મોકલનારને ખાસ સુચના.

૧.—તારમાં જે મતલબ લખવાની હોય તે લખી રહ્યા પછી **આખા તારમાં** દશ અક્ષરોથી ઓછા અક્ષરોનો **એકજ શબ્દ** હોય તો દશ અક્ષરો પૂરા કરવાને જેટલા અક્ષરો ઘટતા હોય તેટલા અક્ષરો, તાર મોકલનારે પોતાના તારના રજીસ્ટર્ડ સરનામાના શબ્દમાંના પહેલા અક્ષરો જોડી, પુરા કરવા. ધારો કે,

મુંબઈથી તાર મોકલનાર-ધણીના રજીસ્ટર થયલા તારના સરનામાનો શબ્દ

PARAMATMA

છે. હવે આ કોડ મુજબ તેવણને મુંબઈથી

(૩ અક્ષરનો) DOA	એકજ શબ્દનો તાર કરવાનો છે તો દશ અક્ષરો પુરા થાય તેટલા માટે "PARAMATMA" શબ્દમાંથી	PARAMAT
(૪ અક્ષરનો) VUNI		PARAMA ·
(૫ અક્ષરનો) KO FOP		PARAM . ·
(૬ અક્ષરનો) HUE NIU		PARA · · ·
(૭ અક્ષરનો) VAKU PUA		PAR · · · ·
(૮ અક્ષરનો) TI HIB FAE અથવા		PA · · · · ·
(૯ અક્ષરનો) KE FOB ZEKI		P · · · · · ·

અક્ષરો જોડી દઈ દશ અક્ષરોનો આખો એક શબ્દ **બનાવવો. આમ કરવાનું** કારણ **એટલું** જ છે કે, તાર કોના **તરફનો** છે તે **સહેલાઇથી સમજી** શકાય **અને** કાંઇ ઘોંટાળો થવા પામે **નહીં.**

૨.—રજીસ્ટર થયલા તારના સરનામાનો **આખો શબ્દ** જોડતાં છતાં પણ દશ અક્ષરો પુરા નહીં થાય તો પછી જેટલા અક્ષરો થાય તેટલી જ રહેવા દેવા.

૩.—તારમાં એકથી વધુ શબ્દો હોય તો ઉપર મુજબ ઘટતા અક્ષરો પુરા કરવાની જરૂર નથી.

(બ)—પારીસથી મોકલવામાં આવતા તારો વિષે સુચના.

૧.—ફલાણો તાર અમારો (એટલે મી૦ સુતરિયા તરફનો) છે, તે પારખી કાઢવા માટે કોઈપણ જાતની ખાસ સગવડતા કરવાની જરૂર જણાતી નથી, કારણકે તારમાં આવેલા અક્ષરોવાળા શબ્દો ઉપરથી જ સહેલાઇથી તે સમજી શકાય તેમ છે.

૨.—આ ઉપરથી ખુલ્લુંજ છે, કે દશ અક્ષરોથી ઓછા અક્ષરોવાળા એકજ શબ્દનો તાર અમારા તરફથી કરવામાં આવે તો દશ અક્ષરોમાં ઘટતા અક્ષરો પુરા કરવાની અમોને જરૂર રહેતી નથી, છતાં કોઈ પ્રસંગે જરૂર પડશે તો "JOGIRAJ" અથવા "MANOHAR" શબ્દમાંથી ઘટતા શબ્દો છેડે જોડી દશ અક્ષરો પુરા કરવામાં આવશે.

(ક)—તારો લખવા વિષે સમજુતી.

૧.—પારસલ નંબર માટે (પાના ૪૯—૫૦ વાળા કોઠાઓમાંથી) ... . બે અક્ષરો, જેમકે, FO

૨.—પૌંડની રકમ (માગણી—લીમીટ) માટે (પાના ૫૧ થી પાના ૫૯ સુધીના કોઠાઓમાંથી) ત્રણ અક્ષરો, જેમકે, LOG

૩.—પારસલ નંબર વિષે અથવા નંબર વગર વાતચીત માટે (ભાગ પહેલો તથા ત્રીજો અને ભાગ બીજામાંના પાના ૬૦ તથા ૮૨—૮૩ માંથી) .... ત્રણ અક્ષરો, જેમકે, FEH

૪.—માલની જાત—સાઈઝ વિગેરે માટે (પાના ૬૨ થી ૮૧ સુધીમાંથી) .... **ચાર** અક્ષરો, જેમકે, VILO

(વધુ સમજુતી માટે જુઓ પાનું ૮૯)

(ડ)—તારો ઉકેલવા વિષે સમજુતી.

૧.—અંગ્રેજી મૂળાક્ષરોમાંના a, e, i, o, u, y અક્ષરો **સ્વર** છે, જ્યારે બાકીના અક્ષરો **વ્યંજન** છે.

૨.—**પારીસથી મુંબઈ** આવેલા તારના શબ્દ (કે શબ્દો) માં—

(એ) બે વ્યંજનો **સાથે** આવેલા હોય તો તે બે વ્યંજનોની વચમાંથી શબ્દો છુટા પાડવા.

(બી) V કે Z, પછી એક સ્વર, પછી એક વ્યંજન અને પછી એક સ્વર—એમ ચાર અક્ષરો સાથે આવેલા હોય તો તે ચારે અક્ષરોનો

એક શબ્દ બનાવવો. (તે વિષે ભાગ બીજાના "માલની સાઈઝ" વાળા વિભાગમાં જોવું.)

(સી) કોઈ એક સ્વરની **પાછળ** એક વ્યંજન હોય અને **આગળ** H, R, S, T, V, કે Z માંથી કોઈએક વ્યંજન હોય તો તે ત્રણે અક્ષરોનો એક શબ્દ બનાવવો. (તે વિષે વાતચીતોના વિભાગોમાં જોવું.)

(ડી) કોઈએક સ્વરની **પાછળ** એક વ્યંજન હોય અને **આગળ** B, C, D, F, G, K, L, M, N, કે P, માંથી કોઈએક વ્યંજન હોય તો તે ત્રણે અક્ષરોનો એક શબ્દ બનાવવો. (તે વિષે પૌંડના કોઠામાં જોવું.)

(ઈ) O W ની પહેલાં કોઈપણ વ્યંજન હોય તો તે ત્રણે અક્ષરોનો એક શબ્દ બનાવવો. (તે વિષે પાને ૯૦ માં જોવું.)

(એફ) EE, કે OO ની પહેલાં કોઈપણ વ્યંજન હોય તો તે ત્રણે અક્ષરોનો એક શબ્દ બનાવવો. (તે વિષે પાને ૮૨–૮૩ માં જોવું.)

(જી) આમ શબ્દો છુટા પાડતાં (કે બનાવતાં) જો અક્ષરો બાકી રહે તો તે વ્યંજન અને સ્વર બેજ અક્ષરો હોવા જોઈએ (તે વિષે પારસલ નંબરના કોઠામાં જોવું.)

(એચ) ધ્યાનમાં રાખવું કે, પારસલ નંબર વિષે કંઈપણ હકીકત જણાવવાની હોય છે તો તે હમેંશા **શબ્દની શરૂઆતમાં જ** આવે છે અને હમેંશા તેના વ્યંજન અને સ્વર એમ **બે જ** અક્ષરો આવે છે.

દાખલાઓ:—

JE FOG BUZ; SOR ZOKO; TU DIZ KEH;
LU DIK RU FOC; BI COP HOW; ZUCI FOO.

૩—**મુંબઈથી પારીસ** આવેલો તાર ઉકેલવા માટે સી, ઈ, અને એફ સિવાયની ઉપલી કલમો લાગુ પાડવી, અને નીચેની એક વધુ કલમનો ઉપયોગ કરવો.

કોઈ એક વ્યંજનની આગળ **બે સ્વરો સાથે** આવેલા હોય તો તે ત્રણે અક્ષરોનો એક શબ્દ બનાવવો. (તે વિષે વાતચીતોના વિભાગોમાં જોવું.)

દાખલાઓ:—

SA TUG DEA; HI DAM ZACO; KO BAE;
HUA JOE; DI PIA NOI.

ભાગ પહેલો.

પારીસથી મુંબઈ મોકલવાના બોલોનો સંગ્રહ.

—કોડ-બોલોનું ત્રણ અક્ષરોનું સ્વરૂપ.—

વ્યંજન, સ્વર અને વ્યંજન.

અનુક્રમણિકા.

"માગણી"ને લગતી વાતચીતના બોલો.

૧-(પારસલ-નંબરની સાથે જોડીને જ વપરાય છે.)

BAH—માગણી હાલમાં મળી શકતી નથી-તજવીજમાં છીએ.

BAR—માગણી ભેગીજ મળે છે-જુદી મળતી નથી. ભેગી મોકલીએ?

BAS—માગણી જુદીજ મળે છે-ભેગી મળતી નથી. જુદી-જુદી મોકલીએ?

BAT—કેટલા પૌંડની લાગટ છે તે જણાવો.

BAV—કેટલા પૌંડથી ઓછી માગણી લેવી નહીં તે જણાવો.

BAZ—માગણી અગાઉ મોકલી તેના કરતાં હાલમાં ઓછી મળે છે, માટે ઓછી માગણી લઈ જણાવીએ?

BEH—બહાર ગામ (લંડન) મેહેનત માટે મોકલ્યો છે, માટે ત્યાંથી માગણી આવેથી જણાવીશું.

BER—માગણી હાલમાં મળવી મુસ્કેલ છે, કારણકે એવી જાતના માલની લેવાલી હાલમાં બંધ જેવી છે.

BES—માગણી અગાઉ જણાવી હતી,તેટલીજ ફરી મળે છે-વધુ મળતી નથી, માટે તેટલીજ માગણી લઈ જણાવીએ?

BET—માગણીનો સિકકો કાગળ આવે ત્યાં સુધી રહી શકે તેમ નથી, કારણકે વેપારીને ઉતાવળ છે, માટે તરત તારમાં જવાબ આપો.

BEV—માગણીનો સિકકો છૂટી જશે, કારણ કે વેપારીને ઉતાવળ છે, માટે તારમાં જવાબ આપો.

BEZ—મોકલાવેલી છેલ્લી માગણીથી વધારે આપવા વેપારીને બહુ સમજાવ્યો, પણ જરાએ વધારે આપતો નથી અને સિકકો છોડી નાંખે છે, માટે વેચવું પોસાતું હોય તો વેચવાની રજા આપશો. જવાબની રાહ જોઇએ છીએ.

BIH—માગણી જણાવતાં ભૂલ થઇ છે, માટે તે રદ છે, એમ સમજશો.

BIR—માગણી જણાવતાં અમારી ભૂલ થઇ નથી. અમોએ મોકલાવેલી માગણી બરાબર છે, માટે તરત જવાબ આપો.

BIS—અમોએ મોકલેલી માગણી તાર ઓફીસે ભૂલભરેલા અક્ષરો લખી મોકલવાથી સમજવામાં તમોએ ભૂલ કરેલી હોય એમ જણાય છે, માટે તપાસ કરો. એ વિશે અમો કાગળમાં વિગતે જણાવીશું.

BIT—જેવા માલના ખરીદનાર વેપારીઓ બહારગામ ગયા છે. પાછા આવેથી માગણી મળે જણાવીશું.

BIV—અમારી માગણીઓ ઓછી આવે છે, એવું સમજીને તમો બીલકુલ લીમીટ આપતા નથી, તેથી અમારા હસ્તક માલ ખરીદ કરવાનું વેપારીનું મન થતું નથી અને અમારા ઉપર તે નારાજ થાય છે, માટે રસ્તાસરની લીમીટ આપશો.

BIZ—આ નંબરમાં હવે વધારો મળી શકતો નથી જ. જવાબ આપો.

BOH—આ નંબરમાં હવે વધારો મળી શકશે નહી, માટે જવાબ આપો.

BOR—આ નંબરનું સીલ છુટી જશે, માટે તાકીદે જવાબ આપો.

BOS—

BOT—

BOV—

BOZ—

"માગણી" ને લગતી વાતચીતના બોલો.

૨–(પારસલ નંબર અને પૌંડની રકમની પછી જ આ શબ્દો વપરાય છે.)

BUH—આ માગણી તમોને ઘણીજ ઓછી લાગે તોપણ કાંઇક લીમીટ આપશો.

BUR—આ માગણી તમોને ઓછી લાગે, છતાંએ ગમે તે–ઉંચી તો ઉંચી–પણ લીમીટ આપશો.

BUS—આ માગણી હજી પેહેલીજ છે અને તે કદાચ ઘણીજ ઓછી હોય છતાં પણ રસ્તાસરની લીમીટ આપશો; અમો સારો વધારો મેળવવા મેહેનત કરીશું.

BUT—આ માગણી પેહેલી છે, એવું સમજીને લીમીટ નહીં આપો, એમ થવા દેશો નહીં–મતલબ કે, ઉંચી તો ઉંચી, પણ લીમીટ આપશો.

BUV—આ માગણી પેહેલી છે અને તે ઓછી છે, એવું અમે સમજીએ છીએ, છતાં તમે રસ્તાસરની લીમીટ આપશો.

BUZ—આ માગણી સારી છે, માટે વેચવાની ભલામણ છે.

CAH—આ માગણી ઘણી સારી છે અને ફરી મળી શકે તેમ લાગતું નથી, માટે વેચી નાખવાની મજબૂત ભલામણ છે.

CAR—આ માગણી પ્રમાણે વેચવું પોસાય તો વેચવાની રજા આપશો–નહીં તો છેલ્લામાં છેલ્લી લીમીટ આપશો, કારણ કે ઘરાક બહારગામનો છે. ઊંચી લીમીટ હશે તો સોદો થશે નહીં. તરત જવાબ આપશો.

CAS—આ માગણી પ્રમાણે વેચવા રજા આપશો તો કાંઇક વધારો મેળવી આપવા મેહેનત કરીશું. સોદો બગડવા દઇશું નહીં.

CAT—આ માગણી છેલ્લીજ છે, કારણકે વેપારી હવે બીલકુલ વધારો આપે એમ નથી, માટે વેચી નાખવાની ભલામણ છે. તરત જવાબ આપશો.

CAV—વેપારીને બહુ સમજાવીને આ માગણી મેળવી છે, માટે તમને પોસાણ થતું હોય તો તરત વેચવાની રજા આપશો.

CAZ—આ માગણી પ્રમાણે વેચાણ કરવામાં તમને પરવડતું હોય તો વેચશો –નહીં તો જરૂર જે તે જવાબ આપશો–જવાબ આપ્યા વગર રહેશો નહીં. જવાબની રાહ જોઇએ છીએ.

CEH—આ માગણી આપનાર વેપારી બહારગામનો છે અને એ આવતી કાલે અત્રેથી ઉપડી જનાર છે, માટે આ માલના વેચાણ કરી નાખશો, અને આવા માલની જરૂર હોવાથીજ આવી સારી માગણી આપી છે, માટે વેચવાની ભલામણ છે. જવાબની રાહ જોઇએ છીએ.

CER—આ નંબરની હાલમાં આટલા પૈંડની વેલ્યુ (વેલ્યુએશન) થાય છે.

CES—આ માગણી સુધારીને મોકલી છે, કારણકે અગાઉ મોકલેલી માગણી હીસાબ કરવામાં ભૂલ થવાથી ખોટી જણાવાઈ ગઇ હતી, માટે આગલી માગણી રદ સમજશો.

CET—આ માગણી ઘણીજ સારી છે અને હવે વધુ મળી શકે તેમ નથી. વળી સિક્કો છુટી ગયા બાદ ભવિષ્યમાં પણ આ માગણી ફરી મળી શકે તેમ નથી–માટે વેચવાની ખાસ ભલામણ છે–નહીં વેચશો તો આવતા મેલમાં પાછો મોકલી આપીશું, માટે જલદી જવાબ આપો.

CEV—આ માગણીનો જવાબ જલદીથી આપવા અમો ઘરાક સાથે બંધાયલા છીએ, માટે તારમાં જવાબ તરત આપો. જવાબની રાહ જોઇએ છીએ, માટે ઢીલ કરશો નહીં.

CEZ—આ માગણી આપનાર વેપારી બહારગામ જનાર છે, માટે નજીકની લીમીટ આપો કે જલદીથી સોદો થઈ શકે. (જો સોદો કરવોજ હોય તો છેવટની રસ્તાસરની લીમીટ આપી દેશો.)

CIH—આ માગણી ઘણીજ સારી છે. નુકશાન જતું હોય તોપણ વેચવાની ભલામણ છે.

CIR—આ માગણી કરતાં સહેજ પણ હવે વધારો મળી શકતો નથી, કારણ કે વધારો લેવા જતાં વેપારીએ સિક્કો છોડી નાખ્યો, પણ જ્યારે અમોએ તેને ઘણો સમજાવ્યો ત્યારે મહા મહેનતે પાછી એની એજ માગણી, બીજે દિવસેજ જવાબ આપવાની શરતે, અમોને આપી છે, માટે આ બાબત ધ્યાનમાં લઇ વેચવાની જ રજા આપશો, જવાબની રાહ જોઇએ છીએ.

CIS—આ માગણીનો સિક્કો છૂટી જશે, માટે જવાબ જલદીથી આપો.

CIT—આ માગણી સારી છે, માટે વેચો. ઘરાક બહારગામનો છે. જો કદાચ વેચવું નહિ પોસાતું હોય, તો છેલ્લી લીમીટ આપો. લાંબો ફેર હશે, તો સોદો થશે નહીં. ઘરાકને ઉતાવળ છે, માટે જવાબ જલદીથી આપો.

CIV—આ માગણી પ્રમાણે વેચવાની રજા આપશો, તો ઘરાક પાસેથી વધારો મેળવી શકીશું, એમ લાગે છે. વધારો આપશે તો તે તમને મજરે આપીશું.

CIZ—આ માગણી સારી છે-ફરી મળશે નહીં, માટે પોસાણ થતું હે તો વેચી નાંખશો.

COH—આ માગણીથી હવે વધારો મળી શકતો નથી, (વધારો મળી શકે નહીં) માટે જવાબ આપો.

COR—આ માગણીની નજીકની લીમીટ આપશો, તો સોદો થવાની આશા છે.

COS—આ માગણી હાલમાં અમો ઘણી સારી મેળવી શકયા છીએ, માટે હવે ઘણીજ રસ્તાસરની લીમીટ આપશો, (અત્યાર સુધી તમોએ લીમીટો ઊંચી ને ઊંચી આપ્યા કીધી છે.)

COT—ડીમાન્ડ પ્રાઇસ (ઈનિવોઈશિમાં તમોએ લખેલી કીંમત) ઘણી ઊંચી હોવા છતાં વેપારીને બહુ સમજાવીને આ માગણી મેળવી છે, માટે હવે તે રસ્તાસરની લીમીટ આપશો, તો હજી પણ સારો વધારો મેળવી શકી

COV—આ માગણી જે વેપારીએ અમોને આપી છે તેણે એવાજ માલ ઉપર બીજા પણ સિકકો આપ્યો છે, જેથી બીજાની હરીફાઈમાં છીએ, માટે ઘણીજ રસ્તાસરની (બને તો છેલ્લી) લીમીટ નહીં આપશો તો સિકકો છોડી નાંખી તે બીજાનો માલ ખરીદ કરશે અને હાલ તુરત આ નંબર રખડી જશે.

COZ—આ માગણી, તમારી લીમીટ ઘણી ઊંચી હોવા છતાં, અમોએ મેળવી છે. જો એ માગણી હજી તમોને ઓછી લાગે તો પણ રસ્તાસરની લીમીટ આપશો, તો તેને સમજાવીને સારો વધારો મેળવી શકીશું.

CUH—આ માગણી આપનાર વેપારી બહારગામનો છે, માટે ટુંકી લીમીટ આપો.

CUR—આ માગણી બહારગામના વેપારીની (બહાર ગામથી) આવી છે, માટે છેલ્લી લીમીટ આપશો.

CUS—આ માગણી ખાનગી ઘરાકની છે અને વેપારીની માફક તે કાંઇ સિક્કા આપે નહીં. તેને આ માલ પોતાના ઘરમાં વાપરવા જોઇએ છે, જેથી છેલ્લી લીમીટ હોય તો માલના વેચાણ જલદીથી થઈ શકે; માગણી લેતી વખતે અમોએ તેને કહ્યું છે કે, આવતી કાલે તમને છેલ્લી લીમીટ મંગાવી આપીએ. આ માલ તેને ખરીદ કરવાની જરૂર જણાય છે, માટે છેવટની લીમીટ તાકીદે આપો.

CUT—આ માગણી આપનાર ઘરાક બહાર ગામનો છે, માટે તાકીદે જવાબ આપો.

CUV—આ માગણી આપનાર ઘરાક બહાર ગામ જનાર છે, માટે તાકીદે જવાબ આપો.

"માગણી" ને લગતી વાતચીતના બોલો.

૩—(પારસલ નંબર તથા પૌંડની રકમ વાપર્યા વગર જ વપરાય છે.)

DAH—તમારા માલની હાલમાં માગણીઓ મળવી મુશ્કેલ છે, કારણકે એવી જાતના માલની હાલમાં માગ નથી. મહેનત કરીએ છીએ, માટે ધીરજ રાખો.

DAR—થોડા વખતમાં તમારા માલના જેવા માલની ખરીદી શરૂ થાય તેમ લાગે છે, માટે તે વખતે માગણીઓ મળી શકશે. હાલમાં ઉતાવળ કરો નહીં. તમારો માલ અમારી ધ્યાનમાં છે. મહેનત ચાલુ છે.

DAS—તમારા માલની ડીમાન્ડ (ઈનવોઈસ) પ્રાઇસ ઉંચી છે અને તેના પ્રમાણમાં ઘણીજ હલકી માગણીઓ મળે છે, જે અમો લઈ શક્તા નથી અને તેથીજ તમને માગણીઓ જણાવી શક્તા નથી.

DAT—તમારો માલ ડીમાન્ડ (ઈનવોઈસ) પ્રાઈસ જોતાં ઘણોજ મોંઘો લાગે છે, તેથીજ ઉંચી માગણી મળી શકતી નથી.

DAV—તમારા માલની ડીમાન્ડ (ઈનવોઈસ) પ્રાઈસ ઉંચી છે અને અમો માગણીઓ જણાવીએ છીએ, છતાં તમો લીમીટો આપતા નથી, માટે માલની મહેનત કરવામાં અને ઉંચી ઓફરો મેળવવામાં ઘણી અડચણ પડે છે, એટલે ખરીદવાની ઈચ્છા હોવા છતાં રસ્તાસરની લીમીટો નહીં આપવાથી વેપારીઓ સારા વધારા આપી શક્તા નથી, માટે રસ્તાસરની લીમીટો આપો.

DAZ—તમારા માલના ખરીદનાર-વેપારીઓ બહારગામ ગયા છે. થોડા દિવસમાં આવેથી માગણીઓ મેળવી જણાવીશું.

DEH—હાલમાં બજાર નરમ હોવાથી વેપારીઓ માગણી આપતા નથી, માટે માગણીઓ મોકલી શકતા નથી.

DER—હાલમાં બજાર નરમ હોવાથી વેપારીઓ બહુ ઓછી માગણીઓ કરે છે, જેથી માગણીઓ મોકલી શકતા નથી.

DES—હાલમાં માગણીઓ મળી શકતી નથી-તજવીજમાં છીએ.

"લીમીટ" ને લગતી વાતચીતના બોલો.

૧-(પારસલ-નંબરની સાથે જોડીને જ વપરાય છે.)

DIH—છેલ્લી લીમીટ આપો.

DIR—રસ્તાસરની લીમીટ આપો.

DIS—રસ્તાસરની લીમીટ આપશો, તો ઘરાક વધે, એમ જણાય છે.

DIT—હવે રસ્તાસરની લીમીટ આપશો, તો સોદો થાય, એમ લાગે છે.

DIV—લીમીટ આપશો, તો જ રસ્તો આવશે.

DIZ—લીમીટ ઘણીજ ઊંચી છે, માટે રસ્તાસરની લીમીટ આપો.

DOH—તમારી છેલ્લી લીમીટ ઉપજી શકે તેમ લાગતું નથી, માટે ઘટાડીને લીમીટ આપી શકો તો આપો.

DOR—વેપારી છેલ્લી લીમીટ જાણવા માગે છે, કારણ કે તેટલી કીંમતે નંબર તેને ખરીદ કરવો પોસાય કે નહીં તે છેલ્લી લીમીટ આવ્યાથી તેને સમજ પડે, માટે છેલ્લી લીમીટ આપો.

DOS—છેલ્લી લીમીટ આપો, કારણકે તે વગર સોદો થશે નહીં.

DOT—લીમીટ હજી ઘણી ઊંચી છે, માટે ઘટાડો કરી રસ્તાસરની લીમીટ આપો.

DOV—લીમીટ પ્રમાણે વેચાશે એમ લાગે છે, તેથી રાખ્યો છે.

DOZ—તાકીદે લીમીટ આપો, કારણકે ઘરાક બહારગામનો છે.

DUH—અમારી છેલ્લી માગણીની નજદીકની લીમીટ આપો.

DUR—આ નંબરની તમારી લીમીટ ઘણી ઉંચી છે, જેથી રસ્તાસરની લીમીટ નહીં આપો, ત્યાં સુધી સારી માગણી મળવી મુશ્કેલ છે, માટે તાકીદે રસ્તાસરની લીમીટ આપો.

DUS—અમારી છેલ્લી માગણીની નજદીકની હવે વેચવાની છેલ્લીજ લીમીટ આપશો, તો જલદીથી વેચાણ થઈ શકશે.

DUT—રસ્તાસરની લીમીટ નહીં આપશો, તો ઘરાક સીલ ખોલી નાંખશે, માટે છેવટની લીમીટ આપો.

આ નંબરના સંબંધમાં તમોએ તારમાં લીમીટ આપી છે, પણ તે લીમીટમાં અમોને સમજણ પડતી નથી, જેથી સીલ હજી રાખી મુક્યું છે, માટે ફરીથી ખુલ્લા અક્ષરમાં કે આંકડામાં લીમીટ જણાવો.

[illegible]—અમારા એક ખાનગી ઘરાકને પોતાના વપરાસ માટે આ માલ જોઈએ છે–તે કાંઇ વેપારીની માફક સીલો આપ્યા કરશે નહીં, પણ તે છેલ્લી લીમીટ જાણવા માગે છે. જો વ્યાજબી લીમીટ આપશો તો જરૂર એ માલ ખરીદ કરશે, માટે જરૂર રસ્તાસરની અથવા બને તો છેવટની જ લીમીટ આપશો. જો તેમ નહીં કરશો તો દલગીરી સાથે તે બીજાનો માલ ખરીદ કરશે.

FAR—આ નંબર ઉપર સીલ આપનાર વેપારીને ઉતાવળ છે–થોભે તેમ નથી, માટે જો છેવટની લીમીટ નહીં આપશો, તો તે બીજાનો માલ લેશે, કારણકે તેના એક આડતીઆને આવી જાતનો માલ જોઇએ છે. વળી તેણે એવીજ જાતના માલ ઉપર બીજાને પણ કાચું સીલ આપ્યું છે, માટે તરત છેવટની લીમીટ આપો.

FAS—તમારી છેલી લીમીટ જોતાં એ માલ બહુજ મોંઘો લાગે છે, કારણ કે એ નંબર ઉપર પુરતી મહેનત થઇ ચુકી છે અને કોઈપણ વેપારી એ છેલ્લી લીમીટ મુજબ ખરીદવા મન કરતો નથી, માટે લીમીટ ઘટાડીને એટલે અમારી છેલ્લી માગણીની નજીકની લીમીટ આપશો, તો તાકીદે વેચાણ કરવા મહેનત કરીશું. નહીં તો પછી દીલગીરી સાથે પાછો મોકલી આપવો પડશે.

FAT—

FAV—

FAZ—

"લીમીટ" ને લગતી વાતચીતના બોલો.

૨—(પારસલ નંબર તથા પૌંડની રકમની પછી જ આ શબ્દો વપરાય :

FEH—આ માગણીની નજદીકની લીમીટ આપો.

FER—તમો લીમીટ ઉંચીને ઉંચી આપ્યા કરો છો, તેથી ઘરાક ના થાય છે અને માલ ખરીદ કરવા તેનું મન થતું નથી, છતાંએ અ તેને સમજાવીને આ રસ્તાસરની માગણી મેળવી છે, માટે વિચાર કરીને હવે રસ્તાસરની લીમીટ આપશો તો પાછો તેને સમજાવીને મેહેનત કરી સોદો થાય, તેમ કરીશું.

FES—આ માગણી આપનાર વેપારી સિવાય હાલમાં બીજા કોઈ ખરીદનાર નથી, તેથી સીલ છુટી ગયા બાદ હાલમાં વધારાની બીજી ર મળી શકશે નહીં. આ વેપારી હવે આ માગણીથી વધારો આપે લાગતું નથી, માટે જો પોસાણ થતું હોય તો વેચવા રજા આપ નહીં વેચશો તો હાલમાં સોદો રખડી જશે, એમ જણાય છે. (થોં ફેર હશે તો કદાચ તેને સમજાવી શકીશું.)

FET—આ નંબરની તમારી છેવટની લીમીટ ઉપજી શક્તી નથી. અમોએ જે છેલ્લી માગણી જણાવી હતી, તેની તેજ માગણી ઘણી મુશીબતે પાછી મળી છે, તેથી તેની તેજ માગણી જણાવી છે. તમારી છેવટની લીમીટ અને આ માગણી વચ્ચે હવે ઘણો ફેર નથી, તો હવે તેને વળગી નહીં રહેતાં વેચો—જો નહીં વેચશો તો ફરીને હવે એ માગણી પણ મળવી મુશ્કેલ છે, માટે વિચાર કરીને યોગ્ય લાગે તે જવાબ આપો.

FEV—આ માગણી લેતી વખતે વેપારીને સમજાવીને કહ્યું છે કે, હવે રસ્તાસરની લીમીટ મંગાવી આપીએ છીએ, તેથી બીજાનો માલ નહીં લેતાં આ માલ લેવા તેનું મન છે, માટે હવે રસ્તાસરની લીમીટ તરત જણાવશો. (કારણકે, અત્યાર સુધી તમોએ બીલકુલ લીમીટ જણાવી નથી, તેથી અમારે ઘરાકને કેટલી લીમીટ કહેવી ? લીમીટ વગર સોદો થાય નહીં.)

FEZ—

"લીમીટ" ને લગતી વાતચીતના બોલો.

૩–(પારસલ નંબર તથા પૌંડની રકમ વાપર્યા વગર જ વપરાય છે.)

પ્ર—તમારા બધા માલની લીમીટ ઘણી ઉંચી છે, તેથી રસ્તાસરની માગણીઓ મળી શકતી નથી, માટે રસ્તાસરની (વેચાણ કરી શકીએ તેવી) લીમીટો જણાવો.

FIR—નાના પારસલોની છેલ્લામાં છેલ્લી લીમીટો કાગળમાં જણાવો, કે જેથી તરત વેચાણ થઈ શકે.

FIS—

FIT—

FIV—

FIZ—

"વેચાણ"ને લગતી વાતચીતના બોલો.

૧-(પારસલ-નંબરની સાથે જોડીને જ વપરાય છે.)

FOH—આ નંબર વેચ્યો છે.

FOR—આ નંબરો વેચ્યા છે.

FOS—આ નંબર વેચ્યો નથી.

FOT--આ નંબર વેચવાની તજવીજમાં છીએ.

FOV—આ નંબર થોડા વખત પછી વેચી શકીશું, એમ લાગે છે.

FOZ—આ નંબર હાલ તુરત વેચાણ થાય, તેમ નથી.

FUH—આ નંબર જેવો માલ હાલ તરત બીજો ખપી શકશે નહીં.

FUR—આ નંબર જેવો જેટલો માલ હશે તેટલો અમે વેચી શકીશું.

FUS—તમારી લીમીટ પ્રમાણે વેચ્યો છે.

FUT—તમારી લીમીટ પ્રમાણે વેચ્યો છે-એવોજ બીજો માલ મોકલો.

FUV—તમારી લીમીટ પ્રમાણે વેચી અવેજ તારમાં મોકલ્યો છે; એવોજ બીજો માલ જથ્થાબંધ મોકલો.

FUZ—અમોએ અગાઉ આ નંબર, જે વેચ્યો છે, તેવા માલની અમારી પાસે હાલમાં માગ છે, માટે જલદીથી તેવો માલ મોકલી આપો.

GAH—આ નંબર જેવો બીજો માલ જથ્થાબંધ વેચી શકીશું, માટે મોકલી આપો.

GAR—હાલમાં આ નંબર જેવો બીજો માલ વેચી શકાશે નહીં.

GAS—આ નંબરનું સીલ છુટી ગયું છે, માટે દલગીર છીએ.

GAT—તમારા તાર મુજબ અમારી છેલ્લી માગણી પ્રમાણે વેચ્યો છે.

GAV—તમારા તાર મુજબ વધારો મેળવીને વેચ્યો છે.

GAZ—આ નંબર વિશે તમારો તાર મળ્યો છે, પણ એ માલ વેપારીને ડીલીવર થઈ ગયો છે-સમજાવ્યા છતાં તેણે માલ પાછો આપ્યો નહીં, માટે અમો ઘણા દલગીર છીએ.

GEH—આ નંબર અમોએ વેચ્યો નથી, કારણકે અમારી માગણી કરતાં તમારી લીમીટ ઊંચી છે; કાગળમાં સમાચાર જણાવીશું.

-આ નંબરની અમોએ જે માગણી અત્રેથી જણાવેલી હતી, તેમાં તારવાળાએ ભૂલ કરેલી જણાય છે, તેથી તમો ત્યાં જે માગણી સમજ્યા છો તે માગણી અમારી નહોતી, માટે એ નંબર વેચ્યો નથી, પણ મારી આવેલી લીમીટની અમોએ નોંધ લીધી છે, અને વેચાણ કર-.ની મહેનત ચાલુ છે. (કાગળમાં સમાચાર લખ્યા છે–લખીશું.)

—આ નંબર જરૂર વેચી શકીશું. ધીરજ રાખો. અમારી મેહેનત ચાલુ છે.

ET—હાલ તુરત આ નંબર વેચાણ થાય તેમ નથી, પણ ૨–૪ અઠવાડીયા વધુ રાખવાથી વેચાશે એમ લાગે છે, છતાં પાછો મંગાવવો હોય તોજ તાર કરશો, કારણકે અમોએ મહેનત કરવા રાખ્યો છે.

—આ નંબરના વેચાણ લીમીટથી સહેજ ફેરે અટકયા છે, માટે હવે છેલ્લી લીમીટને નહીં વળગી રહેતાં અમારી માગણી પ્રમાણે વેચવાની રજા આપશો.

Z—વેચાણ સહેજ ફેરે અટકયા છે, કારણકે છેલ્લી માગણીથી વધારો મળતો નથી, માટે તરત જવાબ આપો.

GIH—વેપારી સાથે વાંધો પડવાથી આ નંબર ડીલીવર કીધો નથી. કાગળમાં સમાચાર લખ્યા છે–(લખીશું.)

GIR—આ નંબરના સંબંધમાં તમારો તાર ઘણો મોડો મળ્યો છે, જેથી સીલ આપનાર વેપારી બહાર ગામનો હોવાથી તાર આવતાં પહેલાં પોતાને વતન ઉપડી જવાને લીધે સીલ ઉખેડીને ઉપડી ગયો છે, માટે હવે તમારી આવેલી છેલ્લી લીમીટ પ્રમાણે વેચાણ કરવાની અમારી મહેનત ચાલુ છે.

GIS—

GIT—

GIV—

"વેચાણ" ને લગતી વાતચીતના બોલો.

૨-(પારસલ નંબર તથા પૌંડની રકમની પછી જ આ શબ્દો વપરાય

GOH—આ માગણી પ્રમાણે વેચવા ભલામણ છે-નહીં વેચશો તે
કારણ કે વેપારીએ બીજા દેશીને પણ આવા જ માલ
આપ્યું છે.

GOR—બજાર હવે થોડા વખતમાં બંધ થશે, માટે આ નંબર આ મા...
પ્રમાણે નહીં વેચશો તો નવી મોસમ આવતાં સુધી માલ પડી રહે

GOS—આ નંબરના આટલા પૌંડ ઉપજ્યા છે.

GOT—

GOV—

GOZ—

વેચાણ કરેલા નંબરોના

"અવેજ" સંબંધી વાતચીતના બોલો.

ારસલ નંબરની સાથે અથવા નંબર વગર વપરાય છે.)

.જ થોડા દિવસ પછી મોકલી આપીશું.

—અવેજ આજરોજ તારથી મોકલ્યો છે.

IS—અવેજ હાલમાં મોકલી શકીએ તેમ નથી.

IT—અવેજ મોકલવાની તજવીજમાં છીએ. ધીરજ રાખો.

—અવેજ જાપાન બેંક મારફતે મોકલાવ્યો છે.

-અવેજ ઈન્ટરનેશનલ બેંકીંગ કોરપોરેશન મારફતે મોકલાવ્યો છે.

—અવેજ મરચન્ટસ બેંક મારફતે મોકલાવ્યો છે.

—અવેજ સ્પીસી બેંક મારફતે મોકલાવ્યો છે.

—અવેજ આવતા અઠવાડીયામાં મોકલી આપીશું.

AT—અવેજ આ મહીનાની આખરે મોકલી આપીશું.

HAV—અવેજ આવતા મહીનાની આખરે મોકલી આપીશું.

HAZ—સીલ આપનાર ઘરાક બહાર ગામ ગયો છે, તેથી થોડા દિવસમાં પાછો -આવેથી માલ ડીલીવર કરી અવેજ મોકલી આપીશું.

HEH—સીલ આપનાર ઘરાક મહીનાની આખરે બહારગામથી આવનાર છે આવેથી માલ ડીલીવર કરી અવેજ મોકલી આપીશું.

HER—સીલ આપનાર ઘરાક માલની ડીલીવરી મહીનાની આખરે (અથવા તે પહેલાં) લેવા જણાવે છે, તેથી ડીલીવરી લઇને નાણા આપેથી અવેજ મોકલી આપીશું.

HES—અમોએ થોડો અવેજ મોકલ્યો છે—બાકીનો થોડા વખતમાં મોકલીશું.

HET—આ નંબરનું વેપારીને વજન કરી આપતાં તમારા ઈનવોઇસમાં લખવા કરતાં વજન ઓછું થયું છે, તેથી તે ઓછા વજનને હીસાબે જેટલા નાણા મળ્યા છે, તેટલાનો અવેજ તારથી મોકલી આપ્યો છે.

HEV—આ નંબર વેચાણ કરી હાલમાં વજનની ગેરંટી આપી અવેજ ... મોકલ્યો છે, કારણકે એનું વજન અમારી રૂબરૂમાં થોડ વેપારી કરી લેનાર છે.

HEZ—આ નંબરનું સીલ છુટી ગયું છે, માટે દલગીર છીએ, વેપારીને આજ–કાલમાં વેચાણ કરી અવેજ મોકલી ...

HIH—આ નંબર માટે તમારા તારમાં જણાવ્યાં મુજબ વ... વેપારીએ સીલ છોડી નાખ્યું છે–ઘણું સમજાવ્યા છતાં હતી તેની તે માગણી પ્રમાણે પણ ખરીદવા તેણે ના પાડી, માટે છીએ, પણ અમારા બીજા ઘરાકોમાં તાકીદે વેચી આપી મોકલી આપીશું.

HIR—અમારી છેલ્લી માગણી પ્રમાણે વેચી અવેજ તારમાં મોકલ્યો

HIS—અમારી છેલ્લી માગણી પ્રમાણે વેચી અવેજ તારમાં મોકલ.

HIT—આ નંબર ખરીદનાર બે ત્રણ ભાગીદારો છે, તેમાંના બે બ... ગયા છે. તેઓ આવેથી માલ ડીલીવર કરી અવેજ મોકલી ...

HIV—વેપારીને આ નંબર ડીલીવર કરતી વખતે માલ કાપી વજ... આપતાં તમારા ઇનવોઇસમાં લખેલા વજન કરતાં વજન ઓછું થયું તેથી તમારી લીમીટ કરતાં ઓછા નાણા ઉપજે છે. ઓછા લઈ ડીલીવર કરીએ? જો તમારો જવાબ નહીં આવશે તો ડીલીવર કરી અવેજ મોકલી આપીશું.

HIZ—તમારી લીમીટ મુજબ વેચાણ કરી અવેજ મોકલીશું.

HOH—તમારી લીમીટ મુજબ વેચાણ કરી અવેજ મોકલ્યો છે.

HOR—વેપારીને આ નંબર ડીલીવર કરતી વખતે માલ કાપી વજન કરી આપતાં તમારા ઇનિવોઇસિમાં લખેલા વજન કરતાં વજન ઓછું થયું, તેથી, જો કહો તો, હિસાબે જેટલા ઓછા નાણા આવે તેટલા, લીમીટથી ઓછા નાણા લઈ માલ ડીલીવર કરીએ? અથવા જો કહો તો કાપેલો માલ પાછો લઇએ? (વેપારી માલ પાછો આપવા તૈયાર છે.) અત્રે ફરી બંધાવી એ માલ ઉપર તમે કહેશો તો ફરી મહેનત કરીશું, માટે જે તે જવાબ આપો.

[illegible] -આ નંબરનું વજન માલ કાપીને વેપારી હાલમાં કરી લેતો નથી, પણ વજન માટે ગેરંટી (કબુલાત) માગે છે. જ્યારે કાપશે ત્યારે અમારી રૂબરૂ કાપશે. જો ગેરંટી નહીં આપીએ તો સોદો લેતો નથી, માટે અમો ગેરંટી આપીએ છીએ. ભવિષ્યમાં તોલ કરે ત્યારે વજન ઓછું થશે તો અમો તેની કસર તમારી પાસેથી મજરે લઈશું, કે જો બીજાનો માલ હોય તો તમો વજનની તેની પાસેથી એ મુજબ કબુલાત લેશો. તમારો જવાબ નહીં આવે તો ઉપરની શરતે હાલ તુરત પૂરેપૂરો અવેજ મોકલી આપીશું.

T—આ નંબર ઉપર વધારો આપવા વેપારીને ઘણો સમજાવ્યો, છતાં કાંઈપણ વધારો નહીં આપવાથી અમારી છેલ્લી માગણી મુજબ વેચી અવેજ મોકલ્યો છે.

—આ નંબર ઉપર જે વેપારીનું સીલ હતું તે વેપારીએ, મુદત પુરી થયા બાદ આ નંબર આવવાથી, એ નંબર લીધો નહીં. (ઘણું સમજાવ્યા છતાં પણ લેતો નથી.) હવે પાછી મહેનત કરીએ છીએ અને બીજો વેપારી એ સીલની માગણી મુજબ ખરીદ કરશે તો તેને વેચી અવેજ મોકલી આપીશું.

HOZ—મી. સુતરિયા હાલમાં બહારગામ ગયા છે. તેઓ પાછા આવેથી તમોએ કબુલ કરેલા (વેચાણ કરેલા) પારસલ-(પારસલો) નો અવેજ તમોને મોકલી આપશે.

વેચાણ કરેલા નંબરોના

"અવેજ" સંબંધી વાતચીતના બોલો.

૨—(પારસલ-નંબર તથા પૈંડની રકમની પછી જ વપરાશ

HUH—આ નંબરના આટલા પૈંડ ઉપજ્યા છે, જે તાર મારે આપ્યા છે.

HUR—આ નંબરના આટલા પૈંડ (વજન કાપતાં) ચોખ્ખા ઉપજ્યા છે થોડા દિવસમાં તારથી મોકલી આપીશું.

HUS—આ નંબરના આટલા પૈંડ મોકલાવ્યા છે, કારણકે વજન જરા થવાથી હીસાબે કસરના કાપી આપવા પડ્યા છે. (કાગળમાં લખીશું-લખ્યા છે.)

HUT—

HUV—

HUZ—

"નવો માલ મંગાવવા" વિષે વાતચીતના બોલો.

૩–(પારસલ–નંબર તથા પૌંડની રકમ વગર વપરાય છે.)

પારા તરફથી હાલમાં બીલકુલ માલ આવતો નથી, માટે મોકલી આપો.

.જના મેલમાં કાંઈ માલ મોકલાવ્યો છે ?
ગયા મેલમાં માલ મોકલાવ્યો છે ?
T—છેલ્લા બંને મેલમાં કાંઈ માલ મોકલાવ્યો છે ?
AV—આવતી કાલના મેલમાં કાંઈ માલ મોકલનાર છો ?
AZ—આવતા શનીવારે કાંઈ માલ મોકલનાર છે ?
H—ગઈ કાલે કાંઈ માલ મોકલ્યો છે ?
—ક્યારે માલ મોકલવા ધારો છો ?
} તારમાં જણાવો.

—છેલ્લા બંને મેલમાં અમોને કાંઈ માલ મોકલાવ્યો છે કે નહીં ? આવતા મેલમાં મોકલી શકો તેમ હોય, તોપણ તારથી ખબર આપશો.

T—બની શકે તે જાતનો માલ તાકીદે મોકલાવો. અત્રે વેપાર કરવાની સારી તક છે.

KEZ—થોડા દિવસમાં અમારા બહારગામના ઘરાકો અત્રે આવનાર છે, માટે મોટા જથ્થામાં માલ મોકલી આપો.

KIH—તમારા તરફથી માલ મળશે, એમ ૨–૩ અઠવાડીયા થયાં અમો ધારતા હતા, પણ બીલકુલ માલ આવ્યો નથી, માટે તાકીદે મોકલી આપશો.

KIR—બજાર ઘણો સારો ચાલે છે, અને તમારા તરફથી હાલમાં બીલકુલ માલ આવ્યો નથી, માટે બની શકે તે જાતનો જાડી સાઈઝનો ચોખ્ખો માલ જલદીથી મોકલી આપો, કારણ કે અમારા ઘરાકો તરફથી ખાસ માગ થાય છે.

KIS—બજાર ઘણો સારો ચાલે છે, અને વેપાર કરવાની સારી તક છે, પણ તમારા તરફથી હાલમાં બીલકુલ માલ આવતો નથી, માટે બની શકે તે જાતનો માલ તાકીદે મોકલી આપો.

KIT—

"માલ પાછો મોકલી આપવા" સબંધી વાતચીતના બોલો

૧–(પારસલ નંબરની સાથે જોડીને જ વપરાય છે.)

KOH—આ નંબર (નંબરો) પાછો મોકલ્યો છે.

KOR—આ નંબર (નંબરો) બે અઠવાડીયા પહેલાં પાછો મોકલ્યો

KOS—આ નંબર (નંબરો) ગયા મેલમાં પાછો મોકલ્યો છે.

KOT—આ નંબર (નંબરો) આજના મેલમાં પાછો મોકલ્યો છે.

KOV—આ નંબર (નબંરો) ગઈ કાલે પાછો મોકલ્યો છે.

KOZ—આ નંબર (નંબરો) આવતા મેલમાં પાછો મોકલીશું.

KUH—આ નંબર (નંબરો) પંદર દિવસ પછી પાછો મોકલીશું.

KUR—બહારગામ મહેનતમાં છે, એટલે હાલમાં પાછો મોકલી શકીએ તેમ

KUS—બહારગામ અમારી મહેનતમાં છે, માટે હાલમાં પાછો મંગાવો

KUT—બહારગામ મહેનત માટે મોકલ્યો છે–આવેથી મોકલી આપીશું.

KUV—બહારગામ મહેનત માટે મોકલવા વિચાર છે, માટે હાલમાં પાછો મંગાવો નહીં.

KUZ—આ નંબર વેચાણ થઈ શકે તેમ નથી, કારણકે બહુ મોંઘો છે, માટે પાછો મોકલી આપીએ ? જવાબ આપો.

LAH—આ નંબર ઉપર મેહેનત ચાલુ છે, માટે જો વેચાણ નહીં થાય તો જ પાછો મોકલીશું.

LAR—પાછો મોકલી આપીએ ? જવાબ આપો.

LAS—પાછો મોકલી આપ્યો નથી. મેહેનત ચાલુ છે.

LAT—હાલ ખપતો નથી–ભવિષ્યમાં ખપે તેમ પણ લાગતું નથી, માટે પાછો મોકલી આપીએ ? જવાબ આપો.

LAV—પાછો મંગાવવાની કાંઈ ખાસ જરૂર (મતલબ) હોય, તો જ તાર કરશો.

LAZ—આ નંબર ઉપર સીલ લઈ મોકલી આપીએ ?

LEH—સીલ લઇ પાછો મોકલ્યો છે.

અમોએ સીલ કરી મોકલાવેલો છે, માટે જલદીથી પાછો મોકલી આપો.
થોડો વખત વધારે મહેનત કરવા અત્રે રાખ્યો છે, તેથી પાછો મોકલ્યો નથી. કાગળમાં વિગતે સમાચાર લખ્યા છે.

આ મેલમાં મોકલી શકયા નથી—આવતા મેલમાં મોકલીશું.

નંબર ઉપર એક વેપારીનું કાચું (ફરી જોવાનું) સીલ છે, માટે મોકલી શકયા નથી. સોદો નહીં થશે તો આવતે મેલે મોકલી આપીશું.

Z—આવતા અઠવાડીયા સુધી રાખ્યો છે. વેચાણ નહીં થશે તો મોકલી આપીશું.

IH—આ નંબર જેવો માલ હાલમાં કોઈ ખરીદતું નથી, માટે જ માગણી મળતી નથી. જરૂર હોય તો જ તારમાં જણાવો. તાર આવેથી પાછો મોકલી આપીશું.

—લીમીટ હદ બહારની ઉંચી હોવાથી વેચાણ થઈ શકે તેમ લાગતું નથી, માટે પાછો મોકલી આપીએ ? જવાબ નહીં આવશે તો અત્રે રાખી મહેનત કરીશું.

IS—થોડી મુદત અત્રે મહેરબાની કરી રહેવા દેશો. લીમીટમાં થોડોક ઘટાડો કરશો તો જરૂર વેચાણ થઈ શકશે. જો લીમીટ ઘટાડવા નહીં જ માગતા હો, તો તાર કરશો એટલે પાછો મોકલી આપીશું.

LIT—આ નંબર એક વેપારીએ (અથવા છેલ્લી માગણી આપનાર વેપારીએ ફરી) આવતા અઠવાડીયામાં જોવા માગ્યો છે, તેથી આ મેલમાં પાછો મોકલ્યો નથી. જો સારી માગણી નહીં આપશે, તો જરૂર આવતા મેલમાં પાછો મોકલીશું.

LIV—વેચાણ થાય તેવો માલ હોવાથી (વેચાણ થઈ શકે તેમ લાગવાથી) હજી થોડો વખત વધારે મહેનત કરવા વિચાર છે, માટેજ રાખ્યો છે, છતાં પણ ખાસ ઉતાવળ હોય તો ફરી તાર કરશો. મોકલી આપીશું.

LIZ—આ નંબર ઉપર સીલ છે. વેપારી બહારગામ ગયો છે, એટલે તે આવ્યા બાદ જો વધારો આપે તો તમારી લીમીટ મુજબ વેચી શકીએ, અથવા વધારો નહીં આપતાં જો સીલ ઊખેડી નાંખે તો પાછો મોકલી શકીએ. આ કારણથી પાછો મોકલી શકયા નથી.

LOH—ઉતાવળ કરી પાછો મંગાવો નહીં. થોડાજ વખતમાં વેચી શકીશું એમ લાગે છે. માટે મહેરબાની કરી હજી થોડો વખત દેશો. અમોએ પાછો મોકલ્યો નથી.

LOR—આ નંબર ઉપર તારમાં જણાવ્યા મુજબ વધારો લેવા જતા સોદો થાય એવું ધારી અમારી માગણી અને તમારી લી રહેલા થોડાજ ફેર જેટલો વધારો લેવા જતાં) વેપારીએ નાખ્યું છે. ઘણું સમજાવ્યા છતાં એની માગણી હતી ખરીદવા ના પાડી, તેથી એ નંબર વેચાયો નથી, પણ ત પ્રમાણે જેમ બને તેમ જલદીથી વેચાણ કરવા મહેનત કરીએ જો નહીં વેચાશે તો થોડા વખતમાં એ નંબર પાછો મોકલી આ

LOS—

LOT—

"માલ પાછો મોકલી આપવા" સંબંધી વાતચીતના બોલો.

(પારસલ નંબર તથાં પૌંડની રકમની પછી જ વપરાય છે.)

ા માગણી ઘણી સારી છે, માટે વેચાણ કરવાની ભલામણ છે, કારણ કે આ માલની અમો સર્વે ઠેકાણે પુરતી મહેનત કરી ચુકયા છીએ અને હવે કાંઈ પણ વધારો મળી શકે તેમ નથી, માટે વેચો-નહીં તો પાછો મોકલી આપીએ છીએ.

LOZ—આ માગણી હાલમાં મળી છે, કારણકે અગાઉ મળેલી માગણી હાલમાં મળી શકતી નથી, માટે વેચો-નહીં તો સીલ છોડાવી પાછો મોકલી આપીએ છીએ. જવાબ આપો.

"માલ પાછો મોકલી આપવા" સંબંધી વાતચીતના બોલો.

૩—(પારસલ—નંબર તથા પૌંડની રકમ વાપર્યા વગર જ વપર'

LUH—તમારા નાના (પૌંડ ૧૦૦ની અંદરની કીંમતના) પાર લીમીટો તારથી જણાવો. લીમીટો આવ્યા બાદ વેચાણ થઇ પારસલો વેચાણ કરી અવેજ મોકલી આપીશું, જ્યારે પારસલો પાછા મોકલી આપીશું.

LUR—તમારા પાછા મંગાવેલા બધા નંબરો પાછા મોકલ્યા છે.

LUS—નહીં વેચાણ થઈ શકે તેવા સઘળા પારસલો પાછા મોકલ્યા છે

LUT—વેચાતા બાકી રહેલા પારસલો પાછા મોકલ્યા છે.

LUV—હવે બજાર બંધ થવાથી તથા પારસલો નહીં વેચાણ થાય તેવા પાછા મોકલ્યા છે.

LUZ—તમારા બંને નંબરો પાછા મોકલ્યા છે.

MAH—તમારા ત્રણે નંબરો પાછા મોકલ્યા છે.

MAR—તમારા ચારે નંબરો પાછા મોકલ્યા છે.

MAS—તમારા થોડાક નંબરો પાછા મોકલ્યા છે.

MAT—તમારા બધા નંબરો પાછા મોકલ્યા નથી—નહીં ખપી શકે તેવા હતા તેજ નંબરો પાછા મોકલ્યા છે. બાકીના નંબરો ઉપર મહેનત ચાલુ છે. ૧—૨ અઠવાડીયામાં કાંઇ નહીં થશે તો તેપણ તમોને પાછા મોકલી આપીશું.

MAV—તમારો માલ વેચાણ થઈ શકે તેમ નથી, કારણ કે બહુ મોંઘો છે, માટે પાછો મોકલી આપીએ ? જવાબ આપો.

MAZ—

"એડવાન્સ"ને લગતી વાતચીતના બોલો.

૧–(પારસલ–નંબરની સાથે જોડીને જ વપરાય છે.)

નંબર ઉપર એડવાન્સ મોકલી શકીએ તેમ નથી.

નંબર ઉપર એડવાન્સ આવતા અઠવાડીયામાં મોકલી આપીશું.

—આ નંબર ઉપર થોડી વખત પછી એડવાન્સ મોકલી આપીશું.

T—આ નંબર ઉપર બની શક્યું તેટલું એડવાન્સ મોકલી આપ્યું છે–વધારે હાલમાં બની શકે તેમ નથી.

EV—આ નંબર તમારી છેલ્લી લીમીટ પ્રમાણે વેચાણ થાય તેમ નથી, માટે પાછો મંગાવો અને તેને બદલે બીજો ચોખ્ખો માલ મોકલો–નહીં તો એ નંબર ઉપર આપેલી એડવાન્સની રકમ તારમાં પાછી મોકલી આપો.

Z—આ નંબર ઉપર એડવાન્સ આપેલું છે, અને ઘણા વખતથી એ નંબર અત્રે પડી રહેલો છે, કારણ કે છેલ્લી માગણીથી વધારો મળતો નથી, માટે એ નંબરનું હવે શું કરવું છે? જવાબ આપો. (કહો તો પાછો મોકલી આપીએ)

MIH—આ નંબર ઉપર, જે એડવાન્સ છે, તે અમને તારમાં પાછું મોકલી આપો.

MIR—આ નંબર પાછો મોકલાવ્યો છે, માટે એના ઉપરનું એડવાન્સ અમને બારોબાર તારથી પાછું મોકલાવી આપો.

MIS—આ નંબર...............ને ત્યાં પાછો મોકલાવ્યો છે, માટે અમારા વતી એ નંબર ઉપરનું એડવાન્સ ત્યાં ભરી તમારો માલ તપાસી લેશો. (જે પેઢી ઉપર માલ મોકલાવ્યો હોય તે પેઢીનું નામ લખવું.)

MIT—

MIV—

MIZ—

"એડવાન્સ" ને લગતી વાતચીતના બોલો.

૩-(પારસલ નંબર તથા પૌંડની રકમ જણાવ્યા વગર વપરાય છે.

MOH—અમોએ આજે તારથી એડવાન્સ મોકલી આપ્યું છે.

MOR—અમો એડવાન્સ હાલમાં મોકલી શકીએ તેમ નથી.

MOS—અમો એડવાન્સ થોડા વખત પછી મોકલી આપીશું.

MOT—માલ વેચાણ થઈ શકે તેવો હશે, તો જ એડવાન્સ મોકલી શકીશું.

MOV—માલ વેચાણ થઈ શકે તેવો નથી, માટે દલગીર છીએ કે એડવા મોકલી શકીએ તેમ નથી.

MOZ—અત્રે નાણા ભીડ પુષ્કળ ચાલે છે, માટે એડવાન્સ મોકલીએ તેમ

MUH—વ્યાજનો દર વધારે છે, માટે હાલમાં એડવાન્સની ગોઠવણ થાય તેમ

MUR—આવતા અઠવાડીયામાં એડવાન્સ મોકલી શકીશું.

MUS—એડવાન્સ મોકલવાની ગોઠવણમાં છીએ-સગવડ થયેથી તરત મોકલી આ

MUT—અમારાથી બની શક્યું તેટલું એડવાન્સ મોકલ્યું છે. હાલમાં વધારે મોક શકીએ તેમ નથી.

MUV—વધારે એડવાન્સ માગો છો, પણ હાલમાં વધારે આપી શકીએ તેમ નથી, માટે દલગીર છીએ.

MUZ—એડવાન્સ આપેલો માલ તમે વેચતા નથી, માટે અમે તે માલ પાછો મોકલી આપીએ? જવાબ આપો.

NAH—બીજો માલ મોકલી આપો-એડવાન્સ (તે ઉપર મુકી) ચાલુ રાખીશું અને તમારો એ માલ પાછો મોકલી આપીશું.

NAR—વેચાણ થઈ શકે તેવો માલ મોકલો તો એડવાન્સ મોકલીશું.

NAS—જાડો ચોખ્ખો સફેદ માલ હશે તો એડવાન્સ મોકલીશું.

NAT—માલ અત્રે આવ્યા પછી એડવાન્સ મોકલીશું.

NAV—હા, માલ મોકલો. એડવાન્સ મોકલી આપીશું.

NAZ—જોઈએ તો એડવાન્સ મોકલી આપીશું. પણ માલ મોકલી આપો.

NEH—એડવાન્સ તૈયાર છે—માલ મોકલી આપો છો? જવાબ આપો.

એડવાન્સ મોકલી આપીએ? માલ મોકલી આપો છો? જવાબ આપો.

-મી. સુતરિયા હાલમાં બહાર ગામ ગયા છે; ત્યાંથી આવીને તમોને એડવાન્સ મોકલી આપશે.

સુતરિયા હાલમાં બહાર ગામ ગયા છે. ત્યાંથી ૮-૧૦ દિવસમાં ગ આવશે, અને તમોને એડવાન્સ મોકલી આપશે.

મોએ તારથી એડવાન્સ તરીકે મોકલાવ્યા છે. પૌંડ........

—અમોએ બેંક........મારફતે નાણા મોકલાવ્યા છે, માટે તપાસ કરો.

H—અમોએ બેંક........મારફતે નાણા મોકલાવ્યા છે, માટે તપાસ કરો અને તે રકમ અમારી તરફના એડવાન્સ પેટે જમા કરશો.

—અમોએ કાગળમાં ચેક બીડ્યાનું લખ્યું છે, પણ સરતચુકથી કાગળમાં બીડવાનો રહી ગયો છે, તેથી આવતા મેલના કાગળમાં મોકલી આપીશું.

—યોકોહામા (જાપાન) બેંક.

I—ઇન્ટરનેશનલ બેંકીંગ કોરપોરેશન.

V—ઇન્ડીયન સ્પીસી બેંક.

NIZ—બોમ્બે મર્ચન્ટસ બેંક.

NOH—ફ્રેન્ચ બેંક.

NOR—ચાર્ટર્ડ બેંક ઓફ ઇન્ડીયા, ઓસ્ટ્રેલીઆ અને ચાઇના.

NOS—હોંગકોંગ અને શાંઘાઈ બેંક.

NOT—ઇન્ડીયા બેંક.

NOV—તમારો તાર મળ્યો છે. પારસલ પહોંચ્યા અગાઉ એડવાન્સ મોકલી શકીએ તેમ નથી. માલ મળેથી એડવાન્સ મોકલીશું, માટે માલ મોકલી આપો.

NOZ—તમારો તાર મળ્યો છે. પારસલ રવાના કરો અને કેટલા પૌંડ એડવાન્સ તરીકે જોઇએ છે, તે જણાવો. તે પ્રમાણે અમે પૌંડ મોકલી આપીએ.

NUH—(પૌંડની રકમ જણાવ્યા પછી) આટલા પૌંડ બેંક....માંથી લો; અમોએ એડવાન્સ તરીકે મોકલાવ્યા છે.

NUR—(પૌંડની રકમ જણાવ્યા પછી) આટલા પૌંડ અમોએ અગાઉ એડવાન્સ તરીકે મોકલાવ્યા છે, તે તમને ૨–૪ દિવસમાં

NUS—ના, એડવાન્સ હાલમાં મોકલી શકીએ તેમ નથી, પણ મા. તો તાકીદે વેચાણ કરી આપીશું. માલ વેચાણ થઈ શકે તો માલ રાખીશું અને સગવડ થયેથી એડવાન્સ પણ મ પ્રયત્ન કરીશું.

NUT—ઇસ્ટર્ન બેંક.

NUV—

NUZ—

"ઇનવોઇસ" ને લગતી વાતચીતના કોડો.

૧-(પારસલ નંબરની સાથે જોડીને જ વપરાય છે.)

આ નંબરના ઇનવોઇસમાં ભૂલ છે, માટે ફરીથી નવું ઇનવોઇસ મોકલો.

૨—આ નંબરના દાણા ગણી જોતાં ઇનવોઈસમાં લખ્યા કરતાં દાણા ઓછાં થાય છે, માટે ઇનવોઈસમાં લખ્યા કરતાં જો વજન પણ ઓછું હોય તો તરત તારમાં ચોક્કસ વજન આંકડામાં જણાવો.

S—આ નંબરના જુદા જુદા દાણા તથા જુદું જુદું વજન મોકલી આપો; તે વગર સારી માગણી મળશે નહીં. (વજન-દાણા જુદા જુદા આવશે ત્યાં સુધી છે તેમ મેહેનત કરી માગણીઓ મળેથી જણાવતા રહીશું.)

T—આ નંબરના દાણા ગણી જોતાં ઇન૦ માં લખ્યા કરતાં વધારે દાણા થાય છે, માટે ઇનવોઈસમાં લખ્યા કરતાં જો વજન પણ વધારે હોય તો તરત તારમાં ચોક્કસ વજન આંકડામાં જણાવો.

PAV—ઇનવોઇસમાં લખ્યા કરતાં દાણા-વજન બંને ઓછા થાય છે-કાગળમાં સમાચાર જણાવીશું.

PAZ—લડીઓ (અથવા શેરો) ઇનવોઈસમાં લખ્યા પ્રમાણે મળતી નથી. કાગળમાં સમાચાર જણાવીશું.

PEH—લડીઓ થાય છે.
PER—મોતી દાણા થાય છે.
PES—વજન કરેક્ટ થાય છે.
PET—ઇનવોઇસમાં લખ્યા કરતાં દાણા ઓછા થાય છે.
PEV—ઇનવોઇસમાં લખ્યા કરતાં દાણા વધારે થાય છે.
PEZ—ઇનવોઇસમાં લખ્યા કરતાં વજન વધારે થાય છે.
PIH—ઇનવોઇસમાં લખ્યા કરતાં વજન ઓછું થાય છે.

} તે અંગે હકીકત કાગળમાં લખી જણાવીશું.

" કાગળ તથા રજીસ્ટર્ડ પારસલ " ને લગતી વાતચીતના બોલો

૩–(પારસલ નંબર તથા પૌંડની રકમ વગર વપરાય છે.)

PIR—પોસ્ટ ઓફીસમાં તપાસ [illegible]ી છે, પણ પારસલ મળ્યુ
તમે ત્યાં પુરતી તપા[illegible] કરો.

PIS—પારસલ અમને [illegible]જે મળ્યું છે. ઇનવોઇસ પ્રમાણે તપાસી લ
મહેનત કરી[illegible]થી માગણી મળેથી જણાવીશું.

PIT—કાગળ [illegible] છે, તેમાં પારસલ મોકલ્યાનું લખો છો, પણ પાર
મળ્યું [illegible]થી. મોકલાવ્યું હોય તો તપાસ કરી જવાબ આપો.
[illegible]મને મળી જશે તો તમને તારથી ખબર આપીશું.

[illegible]—તમારા તરફથી કાગળ કે માલ કાંઈ નથી, માટે ફીકર થા
તારમાં જવાબ આપો. તાર નહીં આવશે તો સમજીશું કે
લખ્યો નથી.

PIZ—તમોએ બે અઠવાડીયા પહેલાં મુંબઇથી રવાના કરેલું પારસલ અમને
સહીસલામત મળ્યું છે, અને તેની મહેનત ચાલુ કરી છે.

POH—તમારૂં પારસલ મળ્યું છે, પણ હાલમાં તેવા માલની માગણી મળી
શકતી નથી. તોપણ મહેનત ચાલુ છે.

POR—માલનું ઇનવોઇસ મળ્યું છે, પણ માલનું પારસલ મળ્યું નથી.

POS—માલનું ઇનવોઇસ મળ્યું છે, પણ ગયા અઠવાડીયામાં તેમજ આ
અઠવાડીયામાં આજ સુધી પણ માલનું પારસલ મળ્યું નથી. તપાસ કરો.

POT—પારસલ મળ્યું છે, પણ ઇનવોઇસ મુજબ મેળવતાં માલ મળતો નથી.
કાગળમાં સમાચાર લખીશું.

POV—પારસલ મળ્યું છે, પણ ઇનવોઇસ (કાગળ) મળ્યો નથી, માટે મોકલી આપો.

POZ—પારસલ કે ઇનવોઇસ–કાંઇજ મળ્યું નથી.

PUH—પારસલની અંદર પણ (કાગળમાં લખ્યા ઉપરાંત) હવેથી માલનું ઇનિવોઇસિ મુકશો.

—પારસલ મળ્યું છે.

—પારસલ મળ્યું નથી.

આજે મળેલા મેલમાં તમારો કાગળ નથી, માટે જવાબ આપો.

અમોએ કાગળ લખ્યો છે, માટે તપાસ કરો.

JZ—હાલમાં કેટલોક વખત થયાં તમારો [illegible] નથી. માટે જવાબ આપો.

"બજારની રૂખ" વિષે વાતચીતના બોલો.

૩—(પારસલ નંબર તથા પૌંડની રકમ વગર વપરાય છે.)

RAH—બજાર સારો છે.

RAR—બજાર નરમ છે.

RAS—બજાર સાધારણ છે.

RAT—બજાર સુધરતો જાય છે.

RAV—બજાર થોડા વખતમાં સુધરશે, એમ લાગે છે.

RAZ—બજાર હાલમાં સુધરે તેમ લાગતું નથી.

REH—તમે ધારો છો. તેમ અત્રેનો બજાર હાલ વધે તેમ જણાતું નથ

RER—બજાર હાલમાં મજબૂત છે.

RES—બજાર હાલમાં નરમ થતો જાય છે.

RET—બજાર વધારે નરમ થતો જાય છે.

REV—બજાર થોડા વખતમાં વધારે મજબૂત (ઉંચો) થશે, એમ જણાય છે.

REZ—હાલમાં બહાર ગામનો પણ બજાર નરમ છે.

RIH—બધી જાતના માલનો બજાર સારો છે. માલ મોકલ્યા જાઓ.

